

## સાબરકાંઠા નવરાત્રી પર્વના રંગે રંગાયો

નવરાત્રી પર્વની ઉજવણી અંતિમ ચરણમાં પ્રવેશી છે ત્યારે સાબરકાંઠા જિલ્લો નવરાત્રીના રંગે રંગાઈ ગયો છે. જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સહિત ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ અને તલોદ નગરો સહિત ગ્રામ્ય વિસ્તારોમાં માઈ ભક્તો મા આરાધનાની ભક્તિમાં તળબોળ બની ગરબે ઘુમે છે. અવનવા પરિવેશોમાં વૈવિધ્યપૂર્ણ નૃત્ય શૈલીમાં ગરબા રમતા ખેલૈયાઓને નિહાળવાનો પણ એક લ્હાવો હોય છે. ગરબામાં મસ્ત બની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પર્વની ઉજવણીનો યુવાધન મન મુકીને લુપ્ત થઈ રહ્યું છે.

# મોડાસામાં નવરાત્રી શેરી ગરબા સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસામાં નવલરાત્રીમાં શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સારા ગરબા અને સુંદર નવરાત્રીને લાયન્સ ક્લબ દ્વારા એકથી ત્રણ નંબરને પુરસ્કારથી નવાજવામાં આયા હતા.

આમ તો અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક મોડાસા શહેર ગમે તે રીતે ચર્ચામાં રહ્યા જ કરે છે ત્યારે નવરાત્રીમાં પણ નંબર લાવવામાં ચુકતુ નથી તો મોડાસા શહેરમાં નવરાત્રી હરીફાય લાયન્સ ક્લબ દ્વારા યોજવામાં આવી હતી. જેમાં એકથી ત્રણ નંબરની નવરાત્રીને પુરસ્કારથી નવાજવામાં આવી હતી. જેમાં સમગ્ર મોડાસા શહેરની નવરાત્રીને આવરી લેવામાં આવી હતી. જે નવરાત્રીમાં સારા ગરબા સ્વચ્છ મેદાન, ટ્રેડીશનલ ડ્રેસ સાથે ખેલૈયાઓ ગરબે ગુમતા હોય સુંદર રોશનીથી સુશોભિત માંડવડીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપી પુરસ્કારથી નવાજવાના હતા તો



આયોજન મોડાસા લાયન્સ ક્લબ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ભાવેશભાઈ જયસ્વાલ, આશિષભાઈ જયસ્વાલ, પ્રવીણભાઈ પરમાર, સુરેશભાઈ પટેલ, હેમલતાબેન પટેલ અને વડીલ શ્રી રામભાઈ પટેલ અને લાયન્સની બહેનો હાજર રહી હતી. જ્યારે મોડાસામાં પ્રથમ નંબરે રિદ્ધી સિદ્ધી, દ્વિતીય નંબરે સોસાયટી નગર અને તૃતીય નંબરે વિવેકાનંદ સોસાયટી આવી હતી. આ રીતે નવરાત્રીએ નંબર મેળવી આયોજકોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.

# મોડાસાના આનંદપુરાકંપામાં નવરાત્રીની અનોખી ઉજવણી

## વેશભુષા દ્વારા જન જાગૃતિ અભિયાન : વેશભુષામાં 3 વર્ષથી ૬૦ વર્ષ સુધીના જોડાયા

મોડાસા, તા. ૨૦

સમગ્ર દેશ-વિદેશ અને ગુજરાત રાજ્યમાં નવરાત્રી દરમ્યાન સૌ કોઈ ભક્તિ-આરાધનાના પર્વને સૌ કોઈ તન મન અને શક્તિ પ્રમાણે ઉજવણી કરી રહ્યા છે. નવરાત્રીની રમઝટ યુવાન ખેલૈયાઓના થનગનાટથી જામી રહી છે. વિવિધ મંદિરોના ચાચરચોક તેમજ સોસાયટી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોડી રાત સુધી ગરબા, દાંડીયા, રાસ અને વેશભુષાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મોડાસાના આનંદપુરા કંપાના ગ્રામજનો દ્વારા મા આદ્યશક્તિ જગદંબાના નોરતાના સાતમા દિવસે વેશભુષાના માધ્યમથી જનજાગૃતિ અને નવરાત્રીના પર્વમાં માની ભક્તિનો મહિમા સમજાવવા પ્રયત્ન કર્યો હતો. આ વેશભુષાના કાર્યક્રમમાં આનંદપુરાકંપાના ભુલકાઓથી માંડીને વૃદ્ધા સહિતના અવનવા વેશ ધારણ કરી અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું.

મોડાસાના આનંદપુરા કંપામાં નવરાત્રીની શેરી ગરબા યોજી તથા હિન્દુ શાસ્ત્રના દરેક નાના-મોટા તહેવારોનુંઆવનારી પેઢી માટે માહત્મ્ય સમજાવવાના હેતુથી આનંદપુરાકંપાના સમગ્ર પ્રજાજનો સાથે મળીને ઉજવણી કરતા હોય છે. આનંદપુરા કંપામાં



વેશભુષા અને નરસિંહ મહેતા, મીરાબાઈ સહિતના પ્રતિકૃતિ સમાન વેશ ધારણ કરી ભક્તિનો માર્ગ હરિનો માર્ગનું મહત્વ સમજાવ્યું હતું.





નોરતાના સાતમે વેશભુષાનો કાર્યક્રમ યોજી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાના બાળકોએ દેવી-દેવતાના સ્વરૂપ, ખેડૂત ભારતમાતા, વર-કન્યા, વૃક્ષારોપણ, વૃક્ષબચાવો, સ્વચ્છ ભારત, નિર્મળ ભારતના અને સ્વાઈનફ્લુ અને ડેન્ગ્યુના પાત્રો બન્યા હતા. ગુજરાતની ઝાંખી કરાવતા વિવિધ વેશભુષા સાથે પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલી રબારી કોમ, તેમજ ગરીબ તવંગરના સમાજને અનુલક્ષીને

ગુજરાત સરકાર માટે માથાના દુઃખાવા સમાન પાટીદાર અનામત આંદોલનના પાત્રો હાર્દિક પટેલ, લાલજી પટેલ અને એકતા રેલીની ઝાંખીઓ સાથે પાટીદાર મહિલાઓ દ્વારા વેશભુષામાં થાળીઓ-વેલણ ખખડાવી અનામત આંદોલનની ફરીથી યાદ અપાવતા દ્દશ્યો ઉભા થયા હતા. આનંદપુરા કંપામાં યોજાતી વેશભૂષા જોવા મોડાસા શહેરના કચ્છી સમાજના લોકો ઉમટી પડ્યા હતા.

## આજે પ્રાંતિજમાં બ્રહ્માણી માતાજીની પલ્લી નીકળશે

પ્રાંતિજ, તા.૨૦

પ્રાંતિજના નાની ભાગોળ વિસ્તારમાં પટેલ વાસમાં બિરાજતા બ્રહ્માણી માતાજીની ઘણા વર્ષોથી નવરાત્રિ નિમિત્તે પલ્લી નીકળે છે. જે અંતર્ગત આ વર્ષે પણ બુધવારે રાત્રે ૧.૧૫ કલાકે બ્રહ્માણી માતાજીની પલ્લી નીકળશે. જેમાં આસપાસના ગામડાઓમાંથી આવતા પશુ માલિકો સ્વાસ્થ્ય માટે માતાજીના દર્શન કરી પલ્લીમાં ઘી હોમી આશીર્વાદ લેશે.

## મોયદ મહાકાલી મંદિરમાંથી દાનપેટીમાંથી રોકડ ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

-ાંતિજ તાલુકાના મોયદવાસ નાથાજી ગામે આવેલ મહાકાલી માતાજીના મંદિરમાંથી અજાણ્યા શખ્સોએ રવિવારે રાત્રે દાનપેટીમાંથી રોકડ રકમ ચોરી લઈ આ દાનપેટી ખેતરોમાં ફેકી દીધી હતી. જે અંગે સોમવારે મંદિરના પુજારી તથા ગ્રામજનોને ખબર પડતા તેમણે તપાસને અંતે -ાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## તલોદ ચોકડી પાસેથી બકરા તથા મોબાઈલ ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

તલોદના ગ્રીડ ચોકડી પાસે રહેતા કચરસિંહ બાદરસિંહ ચૌહાણના છાપરામાં બાંધેલ રૂા.૬ હજારની કિંમતના છ બકરા તથા રૂા.૫૦૦?? કિંમતનો મોબાઈલ ગત તા.૪ ઓકટોમ્બરે રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે કચરસિંહ ચૌહાણે તપાસ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી તેમણે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા એન. આર. એ. વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જીતુભાઈ ભાટીયા, મુકેશભાઈ પચાલ, રામઅવતાર શર્મા, નરેશભાઈ પંચાલ, કારોબારી સભ્યો તરફથી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરાયું હતું. ભિલોડા એન.આર.એ. વિદ્યાલયના વિદ્યાર્થીઓ રાસ ગરબાના તાલે ઝુમી ઉઠ્યા હતા. આ પ્રસંગે કમલેશભાઈ મહેતા, વી.ટી.ચૌહાણ, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. ભિલોડા એન. આર. એ. વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## ભિલોડા શ્રી સરસ્વતી શારદા પ્રાથમીક શાળામાં રાસ ગરબાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા શ્રી સરસ્વતી શારદા પ્રાથમીક શાળામાં નવરાત્રી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ ડી.જે.ના તાલે રાસ ગરબાના તાલે ઝુમી ઉઠ્યા હતા. શ્રી સરસ્વતી શારદા પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરીવારમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે નિકુંજભાઈ પરમાર, શ્રી સરસ્વતી શારદા પ્રાથમીક શાળાનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

# હિંમતનગર રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને સેવાસદને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર નગરપાલિકા, રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડને સોમવારે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો પત્ર મળતા અધિકારીઓ તથા પોલીસ તંત્રમાં દોડધામ મચી છે. ત્યારબાદ તરત જ પોલીસ તંત્ર હરકતમાં આવી ગયુ હતું અને રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને નગરપાલિકામાં ડોગ સ્કવોર્ડની મદદથી તપાસ હાથ ધરી હતી.

અત્યારે હિંદુ સમાજનું નવરાત્રિ પર્વ ચાલી રહ્યુ છે તેમજ મુસ્લિમ સમાજના મહોરમ પર્વની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે જિલ્લામાં કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ત્યારે હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડ, નગરપાલિકા અને રેલ્વે સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો પત્ર સીમી અને ઈન્ડીયન મુજાહુદ્દીના નામે લખી અજાણ્યા શખ્સોએ પોસ્ટ મારફતે મોકલ્યો હતો.

જે અંગે હિંમતનગર એસ.ટી. બસ સ્ટેશનના એસ.ટી. ડેપો મેનેજર કિર્તન પટેલે જણાવ્યુ હતું કે સોમવારે ઈન્ડીયન મુજાહુદ્દીના નામે લખાયેલો પત્ર મળ્યો હતો. જેમાં એસ.ટી. ડેપોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ હતી. ઉપરાંત આ ધમકી પત્રમાં રેલ્વે સ્ટેશન અને નગરપાલિકાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો પત્ર મળતા તરત જ સંલગ્ન વિભાગના અધિકારીઓએ જિલ્લા પોલીસવડાને જાણ કરી હતી.

ત્યારબાદ પોલીસ અધિકારીઓએ ડોગ સ્કવોર્ડ, એસ.ઓ.જી., એલ.સી.બી. સહિત અન્ય સ્ટાફે તરત જ નગરપાલિકા, રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડમાં જઈ તપાસ કરી હતી. પરંતુ કોઈ સુરાગ મળ્યો ન હતો. તેમ છતાં અગમચેતીના ભાગરૂપે પોલીસ દ્વારા બંદોબસ્તને વધુ સઘન બનાવી દેવામાં આવ્યો હતો. જે અંગે એલ.સી.બી. પી.આઈ. એસ.ડી.પટેલે જણાવ્યુ હતું કે ધમકી પત્ર સંદર્ભે ડેપો મેનેજર કિર્તનભાઈ પટેલને સાથે રાખી બસમાં, મુસાફરોના થેલા તથા પાર્કીંગ સહિત તમામ સ્થળનું ચેકીંગ કરાયુ હતું. પરંતુ કંઈ મળી આવ્યુ ન હતું.

ત્યારબાદ પોલીસે નગરપાલિકામાં આવી પાર્કીંગ, ઓફીસ અને અન્ય વિભાગોની પણ તપાસ કરી હતી. ત્યારબાદ પોલીસે શહેરની હોટલો, ઢાબા તથા અન્ય સ્થળે વ્યવસાયિક સ્થળે લગાવાયેલ સીસી ટીવી ફૂટેજ પણ ચકાસવામાં આવ્યા હતા.

### ધમકી પત્ર ગાંધીનગરથી પોસ્ટ થયો હોવાનું અનુમાન

હિંમતનગર બસ સ્ટેન્ડ, નગરપાલિકા અને રેલ્વે સ્ટેશન પરથી પસાર થનારી માલગાડી ઉડાવી દેવાનો જે ધમકી પત્ર મળ્યો હતો તે હિંમતનગર ડેપોના એસ.ટી. મેનેજરના સરનામે લખાયો હતો. આ પત્ર ગત તા.૧૨/૧૦/૧૫ ના રોજ ગાંધીનગરથી પોસ્ટ થયો હોવાનું કવર પર લગાવાયેલા સિક્કા પરથી જણાયુ હોવાનું બી-ડીવીઝનના પી. એસ. આઈ. ડી.ડી.પરમારે જણાવ્યુ હતું.

# પાલનપુર-ડીસામાં દશેરા પર્વ નિમિત્તે રાવણ દહનની ભવ્ય ઉજવણી થશે

પાલનપુર, તા. ૨૦

મા અંબાના શક્તિ અને આરાધનાનો પર્વ એટલે નવરાત્રી મહોત્સવની ઉજવણી નવ દિવસ સુધી પુરી થયા બાદ દેશભરમાં રાવણ દહનના કાર્યક્રમની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ જિલ્લામથક પાલનપુર અને વેપારી મથક ડીસામાં પણ રાવણ દહનનો ભવ્ય કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

છેલ્લા ૧૩ વર્ષથી ઉત્તરપ્રદેશના મથુરાના મુસ્લિમ પરિવાર દ્વારા પાલનપુરમાં રાવણ તેમજ કુંભકર્ણ, મેઘનાથ બનાવાની કામગીરી કરવામાં આવે છે. હાલમાં પાલનપુર ગોબરી રોડ પર આવેલ



ઠાકોર સમાજની છાત્રાલય ખાતે રાવણ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ખાસ કરીને મથુરાના મુસ્લિમ કારીગરો દ્વારા લાકડાના વાસ અને ચળકાટ ધરાવતા રંગબેરંગી કાગળના ચોટાડીને તેમજ રંગબેરંગી આતશબાજી ફટાકડાથી રાવણ સજ્જ કરવામાં આવે છે.

પાલનપુરમાં શહેર કલા સમિતિ દ્વારા છેલ્લા ચાર વર્ષથી રાવણ દહનનો ભવ્ય કાર્યક્રમ શહેરના રામલીલા મેદાન ખાતે શહેરમાં ભવ્ય શોભાયાત્રા નીકળ્યા બાદ શહેરના રામલીલા મેદાન ખાતે યોજાશે.

જ્યારે જિલ્લા વેપારી મથક અને ધાર્મિક નગરી તરીકે ગણાતુ ડીસા શહેરમાં શ્રી રામ સેવા સમિતિ ત્રીજા વર્ષે પણ રાવણ દહનનું ભવ્ય આયોજન હવાઈ પીલ્લર ખાતે યોજાશે. અંદાજીત ૫૧ ફૂટનો રાવણ દહન વખતે રંગબેરંગી આતશબાજીનો અનોખો અને અદ્ભુત નજારો પણ આ વખતે જોવા મળશે.





## અરવલ્લીમાં ખેલૈયાઓની રમઝટ

અરવલ્લી જિલ્લામાં મા આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાના નવલા નોરતામાં ખેલૈયાઓની રમઝટ જામી છે. મોડાસા શહેરના નવરાત્રી ગ્રાઉન્ડમાં યુવાધન અબાલ વૃદ્ધ સૌ ડી.જે.ના તાલ અને સંગીતકારોના સુરીલા અવાજે ડોલી રહ્યા છે. નવરાત્રી પૂર્ણતા તરફ જઈ રહી હોય ખેલૈયાઓ ગરબે રમવા પુરી શક્તિ લગાવી દીધી છે. જિલ્લામાં નવરાત્રી મહોત્સવની ધૂમ મચી છે. નવરાત્રી મહોત્સવના મેદાનો ખેલૈયાઓથી ભરચક બન્યા છે. નોરતાના દિવસોમાં ટ્રેડિશનલ ડ્રેસમાં યુવક-યુવતીઓનો ગૃપ ગરબા અને નીતનવા સ્ટેપ સાથે ઝુમતા ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. ખેલૈયાઓમાં ક્યાંય થાક કે કચવાટ જોવા મળતા નથી. ખેલૈયાઓ ઢોલીના તાલે રસતરબોળ થઈ ખેલી ઉઠ્યા છે.

# વડાલીના બે મકાનોમાંથી ૨.૫૦ લાખના દાગીનાની ચોરી

હિંમતનગર, તા. ૨૦

વડાલી-ખેડબ્રહ્મા ધોરીમાર્ગ પર આવેલા સ્વયં બંગ્લોઝમાં રવિવારે રાત્રે તસ્કર ટોળકીએ ત્રાટકી બે બંધ બંગલાના તાળા તોડી રૂા.૬૭,૦૦૦ સોનાના દાગીના તેમજ રૂા.૨,૫૯,૦૦૦ રોકડા લઈ ફરાર થઈ જતા લોકોમાં તસ્કરોનો ફફડાટ ફેલાયો છે. આ બનાવ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી ડોગ સ્કવોર્ડની મદદ લઈ તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે વડાલી-ખેડબ્રહ્મા ધોરીમાર્ગ પર આવેલા કોઠી કંપા માર્ગ પર સ્વયં બંગ્લોઝ ના ૧૫ અને ૧૬ નંબરનું મકાન વિજયભાઈ પટેલના આવેલા છે. જેમાં મહોરકંપાના હિતેશભાઈ ભવાનભાઈ પટેલ ૧૬ નંબરમાં, જયારે ૧૫ નંબરના બંગલામાં જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના સઈદવાડીયા ગામના આનંદભાઈ મનસુખભાઈ સંતોકી ભાડે રહે છે. દરમિયાન હિતેશભાઈ શનિ-રવિ રજા હોવાથી ગામડે ગયા હતા. જયારે આનંદભાઈ સપરિવાર પોતાના મિત્રના ઘરે ગયા હતા.

બીજી તરફ સોમવારે વહેલી સવારે હિતેશભાઈ પરિવાર સાથે સ્વયં બંગ્લોઝમાં આવતા પોતાના ઘરના તાળા તૂટેલા અને દરવાજો ખુલ્લો જણાયો હતો. જેથી કંઈક અજુગતું બન્યુ હોવાનું જણાતા તેઓએ આસપાસના રહેવાસીઓને જાણ કરતા તેઓ ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ તપાસ કરતા બેડરૂમનું તાળુ તોડી તસ્કરોએ તેમાં -વેશી તિજોરી તોડી રોકડા રૂા.૨,૫૦,૦૦૦, ત્રણ તોલાનું સોનાનું મંગલસૂત્ર, બુટ્ટી, વીંટી મળી રૂા.૫૮,૦૦૦?? દાગીના ગાયબ હતા. તેમજ ઘરવખરી વેરવિખેર પડી હતી. તેજ રીતે ૧૫ નંબરના બંગલાના તાળા પણ તૂટેલા જણાતા બંગલામાં રહેતા ભાડુઆત કનુભાઈ બહાર હોવાથી તેમને પણ જાણ કરાતા તેઓ તાત્કાલિક વડાલી દોડી આવ્યા હતા અને તપાસ કરતા તેમના બંગલામાં પણ બેડરૂમનું તાળુ તોડી તસ્કરોએ તિજોરી તોડી રૂા.૯,૦૦૦ રોકડા તેમજ સોનાની વીંટી રૂા.૯,૦૦૦?? કિંમતની લઈ માલ-સામાન વેરવિખેર કરી ફરાર થઈ ગયા હતા. વડાલીમાં એકીસાથે બે મકાનમાં તસ્કરોએ હાથ અજમાવી માલ-સામાન લઈ ફરાર થઈ જતા લોકોમાં તસ્કરોનો ફફડાટ ફેલાયો છે. શહેર તેમજ તાલુકામાં અન્ય સ્થળે ચોરીના બનાવો દિવસે ને દિવસે વધી રહ્યા હોવાથી તસ્કર રાજ છવાતા લોકો પોલીસની કામગીરી સામે શંકાકુશંકાઓ કરી સઘન પેટ્રોલીંગ કરવા માંગ કરી છે. જોકે બનાવ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી ચોરીનો ભેદ ઉકેલવા ડોગ સ્કવોર્ડની મદદ માગી તપાસ હાથ ધરી છે.

## દેધરોટા પાસે રિક્ષા અને ડમ્પર વચ્ચે અકસ્માત થતાં યુવકનું મોત

હિંમતનગર-વિજાપુર માર્ગ પર દેધરોટા ગામના પાટિયા નજીક સોમવારે સાંજના સુમારે ડમ્પર અને રિક્ષા વચ્ચે અકસ્માત થતાં રિક્ષામાં બેઠેલા યુવકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ થતાં પોલીસે ઘટના સ્થળે જઈ ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા -ાપ્ત વિગત અનુસાર હિંમતનગર-વિજાપુર માર્ગ પર આવેલા દેધરોટાના પાટિયા પાસેના વળાંકમાં ડમ્પર નં.જીજે.૨૧.વી. ૬૮૧ અને રિક્ષા નં.જીજે.૯.એવી. ૧૭૨૫ વચ્ચે સોમવારે સાંજના સુમારે અકસ્માત સર્જાતા રિક્ષામાં બેઠેલા મુસાફર નરેશજી દીપાજી મકવાણા (ઉ.વ.૨૭) ને ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજયુ હતું. મૃતક -ાંતિજ તાલુકાના દલપુર ગામનો હોવાનું ગ્રામ્ય પોલીસ સ્ટેશનના એ. એસ. આઈ. હર્ષદભાઈ બારોટે જણાવ્યુ હતું.